# જ્ઞાનપ્રભા તપસ્વિની*

શ્રદ્ધેય મહાનુભાવ મહાપુરુષોનું પરમપાવન જીવન એ, આપણી આંતરપ્રેરણા માટેનું અજોડ સાધન છે. એ શ્રદ્ધેય મહાપુરુષો સાથે નિકટતા અને એકરૂપતા સાધી તેમના ગુણોનું આદરભાવે પૃથક્કરણ કરી જીવનમાં ઉતારવા પ્રયત્ન કરીએ એ જ મહાપુરુષોનું સાચું જીવનચરિત્ર અને એ જ આપણા માટે મહામૂલી વસ્તુ. આમ છતાં મહાપુરુષોનાં જીવન વિષે આપણે આંકેલી સીમા એ તેમના જીવનની કે જીવનચરિત્રની સીમા ન ગણાય. અપૂર્ણ માનવે, મહાપુરુષોને પોતાની જીવનસીમાનાં માનદંડથી માપેલા હોઈને, એ માટેનો સાચો માનદંડ બની જ ન શકે. તેમ છતાં જીવનચરિત્રને જ્યારે તટસ્થ અને સાહજિક ભાવે સ્પર્શવામાં આવે ત્યારે ગમે તે પ્રકારનું જીવનચરિત્ર પોતાના સાચા રૂપમાં ઠીક ઠીક દીપી તો ઊઠે જ છે. આજે એવું જ એક સાધ્વીશ્રીનું જીવનચરિત્ર આપણી નજર સામે આવે છે, જેમાં કૃત્રિમતા કે કૃત્રિમ ગુણોનો આરોપ કરવાની વૃત્તિ આપણે જોતા નથી. પોતાના સહજ સ્વરૂપમાં એ આલેખાઈ ગયું છે અને એથી એની આદેયતા સવિશેષ વધી પડી છે. જીવનચરિત્રની જે લાક્ષણિકતા ગણી શકાય તે આમાં અમુક અંશે સચવાઈ છે.

પ્રસ્તુત જીવનચરિત્ર સાધ્વીજી શ્રી ૧૦૦૮ શ્રી દાનશ્રીજી મહારાજનું છે. એ સાધ્વીશ્રી પચાસ વર્ષ–અર્ધી સદી જેટલા દીર્ઘપર્યાયનું ચારિત્ર પાળીને પરલોકવાસી થયાં છે. એમના જીવનચરિત્રના આમુખમાં એમના જીવનની હકીકતો વિષે તો અહીં મારે કશું જ ઉમેરવાનું ન હોય, તે છતાં અમુક વસ્તુ તો નોંધવી જ જોઈએ.

જે કુટુંબમાં શ્રીમતી દાનશ્રીજી મહારાજ જન્મ્યાં હતાં એ કુટુંબ સાચે જ એક બડભાગી કુટુંબ ગણાય, જેમાંથી એક પછી એક કાકા, બે ભત્રીજાઓ, એક ભત્રીજી, એક ભત્રીજા વહુ અને ભત્રીજાઓની માતાએ દીક્ષા લઈ જૈનશાસનને દીપાવ્યું છે અને પોતાના આત્માનું કલ્યાણ સાધ્યું છે. શ્રીમતી દાનશ્રીજી મહારાજના જીવનમાં આપણે સહજભાવે જ્ઞાન અને ચારિત્રનો વિશિષ્ટ પ્રભાવ જોઈ શકીએ છીએ, જેને લીધે તેમના સહવાસથી પ્રતિબોધ પામી અનેકાનેક ઉચ્ચ કુટુંબની શ્રાવિકાઓ નાની નાની વયમાં દીક્ષિત થઈ છે. જેમણે શ્રીમતી દાનશ્રીજી મહારાજનાં દર્શન કર્યાં છે તેઓને તો

* 'જ્ઞાનપ્રભા તપસ્વિની સાધ્વી શ્રી દાનશ્રીજી'નું (પ્રયોજક : શ્રી. ફૂલચંદ હરિચંદ દોશી; પ્રકાશક માણેક શેઠાણી શ્રાવિકા ઉપાશ્રય, કપડવંજ, ઈ. સ. ૧૯૫૨) આમુખ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમની યોગ્યતા, પ્રભાવ, ઓજસ્ વગેરે વિષે પ્રત્યક્ષ જ અનુભવ છે. હું તો આ સાધ્વીશ્રી સામે નાના બાળકભાવે જ ખેલેલો છું.

જેમ ધર્મનાં સાધનો કેટલાંક સર્વવ્યાપી હોય છે અને કેટલાંક દેશવ્યાપી; મહાનુભાવ મહાપુરુષોનાં જીવનચરિત્ર વિષે પણ આ જ હકીકત છે. સર્વવ્યાપી સાધનને સૌ કોઈ એકસરખી રીતે જાણતા હોય છે, જ્યારે ઇતર સાધન માટે તેમ નથી હોતું. મહાનુભાવ મહાપુરુષ વિષે પણ આ જ વાત છે. તે સાથે એ પણ એક હકીકત છે કે કોઈ પણ મહાપુરુષનું જીવનચરિત્ર એ શ્રદ્ધાળુ તેમ જ તટસ્થ આત્માઓ માટે એક જીવનની જડીબુટ્ટી સમાન વસ્તુ છે. આ બધું ગમે તેમ હો, તે છતાં "શ્રીમતી દાનશ્રીજી મહારાજ એક સુયોગ્ય વિભૂતિ સ્વરૂપ હતાં" એ હું શ્રદ્ધાપૂર્વક માનું છું અને કહું છું. તેમનું જીવનચરિત્ર શ્રદ્ધાળુ તેમ જ તટસ્થ આ બન્નેય પ્રકારના આત્માઓને જીવનપ્રેરણા આપનાર જરૂર નીવડશે.

[ 'જ્ઞાનપ્રભાપ્રવર્તિની સાધ્વી શ્રી દાનશ્રીજી' નું આમુખ, ઈ. સ. ૧૯૫૨ ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org